सत्यमेव जयते

ડૉ. એસ.મુરલી ક્રિષ્ના આઈ.એ.એસ.
મિશન ડાયરેક્ટર

નં.પ.ક. "મા" યોજના/આશા/ઇન્સેન્ટીવ/૨૦૧૪

**રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન**

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૫, બીજો માળ,
ગાંધીનગર. ગુજરાત. ૩૮૨ ૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૨૯૯, ફેક્સ નં.: ૦૭૯-૨૩૨૫૩૨૯૮
ઈમેઈલ : md-nrhm@gujarat.gov.in

તા. ૮/૦૯/૨૦૧૪

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, આરોગ્ય શાખાતમામ–
- મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન–તમામ

**વિષયઃ**–મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અંતર્ગત આશા ને ઈન્સેન્ટીવ ચૂકવવા બાબત.

**સંદર્ભ**:- (૧)૧૭/૦૭/૨૦૧૪ ના રોજ યોજાયેલ એક્ઝિક્યુટીવ મીટીંગની મીનીટ્સ.

(૨)તારીખ– ૦૪/૦૯/૨૦૧૩નો મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અંતર્ગત આશા ને ઈન્સેન્ટીવ ચૂકવવા બાબતનો પત્ર

ઉપરોક્ત વિષય બાબતે વર્ષ ૨૦૧૨–૧૩ થી ગુજરાતના તમામ જિલ્લાઓમાં મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલમાં મુકેલ છે ત્યારથી "મા" યોજના અંર્તગત બી.પી.એલ કુટુંબો વહેલી તકે "મા" કાર્ડ લઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૫૦/– (અંકે પચાસ રૂપિયા પૂરા) લાભાર્થી દીઠ ગામની આશા/ લિંક વર્કર/ઉષા ને આપવામાં આવે છે. "મા" યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨૧.૬૧ લાખ કાર્ડ બી.પી.એલ કુટુંબોને આપવામાં આવેલ છે. બાકી રહી ગયેલ **તમામ બી.પી.એલ કુટુંબો** વહેલી તકે "મા" કાર્ડ લઈ શકે તે માટે રાજ્ય સરકારે રૂ.૫૦/– (અંકે પચાસ રૂપિયા પૂરા) થી વધારીને રૂ.૧૦૦/– (અંકે સો રૂપિયા પૂરા) ઈન્સેન્ટીવ લાભાર્થી દીઠ ગામની આશા/લિંક વર્કર/ઉષા ને આપવાનું નક્કી કરેલ છે. **જો તેઓ બી.પી.એલ કુટુંબોની નોંધણી કરાવી, કાર્ડ અપાવે તો** તાલુકાઓમાં તાલુકા હેલ્થ ઓફિસરે અને સીવીક સેન્ટરમાં અર્બન હેલ્થના મેડીકલ ઓફિસરે રૂ.૧૦૦/– (અંકે સો રૂપિયા પૂરા) કેશમાં આશા/ લિંક વર્કર/ઉષા ને આપવાના રહેશે.

તાલુકા કિઓસ્ક પર નીકળેલ તમામ "મા" કાર્ડ માટે નીચે મુજબનું રજીસ્ટર ફરજીયાત નિભાવાનું રહેશે. જેની એક નકલ દર મહિનાની તા. ૦૧ થી ૦૫ માં આપના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને હાર્ડકોપી તેમજ સોફ્ટ કોપીમાં મોકલવાની રહેશે.

| ક્રમ. | "મા" કાર્ડ પરનો URN નં. | કુટુંબ ના વડાનું નામ | ગામનું નામ | TKEનું નામ | આશાનું નામ | આશાનો મોબાઈલ નં. | આશાની સહી | ચૂકવેલ રકમ/ રૂપિયા | લાભાર્થીની ખરાઈ કરનાર અધિકારી અથવા કર્મચારીની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|

ઉપરોક્ત રજીસ્ટરનું સમયાંતરે ડી.એચ.એસ. દ્વારા ઓડિટ કરવાનું રહેશે. ઉક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કમિશ્નર
**આરોગ્ય તબીબી સેવાઓ અને**
**તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)**
**ગાંધીનગર**

**નકલ રવાનાઃ-**

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી- (તમામ્)

(૨) કલેક્ટરશ્રી, જિલ્લા સેવા સદન- (તમામ)

(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત- (તમામ)

(૪) એકાઉન્ટ ઓફિસર, ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ – અમલીકરણ સારૂ.

(૫) અધિક નિયામકશ્રી (આરોગ્ય), મજકુર કચેરી.

(૬) નાયબ નિયામકશ્રી (ગ્રામ આરોગ્ય), મજકુર કચેરી.

(૭) વિભાકીય નાયબ નિયામકશ્રી- (તમામ)